કોઇ વિરાટ શક્તિ આ દુનિયા ચલાવે છે.. એના સ્પંદનનો અનુભવ અને વિશ્વાસ એટલે ધર્મ
- ધર્મસૂત્ર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૦૪ | ૨૪ જૂન, ૨૦૧૪, મંગળવાર; જેઠ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગતિશીલ ગુજરાત માટે ૧૦૦ દિવસનો એજન્ડા

૧૦૦ દિવસમાં ૭૫ હજાર રોજગારીની તકો નિર્માણ કરાશે : રાજ્યભરમાં વિકાસ પર્વનું અનોખુ આયોજન : ૩૪૭ રોજગાર મેળાઓ યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૩

આગામી ૧૦૦ દિવસમાં ૭૫ હજાર જેટલી રોજગારીની તકોનું નિર્માણ કરવામાં આવશે અને આ માટે રાજ્યભરમાં ૩૪૭ જેટલા રોજગાર મેળાઓનું આયોજન કરાશે.

ગુજરાતમાં સરકારને સત્તાના સૂત્રો સંભાળ્યાના પ્રથમ માસને અંતે ૧૦૦ દિવસના નિયત કરાયેલા લક્ષ્યાંકો આજે વિગતો આપતાં રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીઓશ્રી નીતિનભાઈ પટેલ અને સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે લોકોના સર્વાંગી વિકાસના ધ્યેયને વરેલી આ સરકારે આ કાર્યક્રમ અંતર્ગત જનસુખાકારીના પાયાના મુખ્ય ૧૧ વિષયોને આવરી લેવામાં આવ્યા છે. આ અગિયાર વિષયોની ૪૮ જેટલી વહીવટી પ્રવૃત્તિઓને ચોક્કસ લક્ષ્ય સાથે આ કાર્યક્રમ અંતર્ગત આવરી લેવામાં આવી છે.

તેમણે એમ પણ જણાવ્યું છે કે, આ કાર્યરીતિ મુજબ ૧૦૦ દિવસના ગતિશીલ ગુજરાત કાર્યક્રમમાં મહિલાઓનું સશક્તિકરણ, પોષણયુક્ત ગુજરાત, મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન, લોકોને સેવાઓ પુરી પાડવાની વ્યવસ્થાની જુદી જુદી ચેનલો, લોક સંવાદ સેતુ કાર્યક્રમ, ગરીબ કલ્યાણ મેળાઓ, ચિંતન શિબિર અને સ્વાગત કાર્યક્રમને ઝુંબેશ તરીકે આવરી લેવામાં આવ્યા છે. જેના દ્વારા સરકારી વહીવટી તંત્ર લોકો સુધી પહોંચે, એટલું જ નહીં લોકોની જરૂરીયાતોને પહોંચી વળે તે મુજબનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, મહેસૂલી રેકર્ડ અદ્યતન કરવાનું, ગુજરાત શહેરી મિશન અન્વયે પીવાનું પાણી અને ગટર વ્યવસ્થાને લગતાં કામોને અગ્રતા આપવી, ૫૦૦ જેટલી શાળાઓમાં ૧૦૦ દિવસના ગાળામાં સ્માર્ટ લર્નિંગ કાર્યક્રમનો પ્રારંભ કરવો, રોજગારી મેળવવા માંગતા યુવાનોની કુશળતામાં વધારો કરવા માટે તાલીમની પ્રક્રિયા સુદૃઢ બનાવવાની અને ભરતી મેળાઓનું

● અનુસંધાન પાન-૭ પર

પાણી-ગટર લાઈનોના મેપીંગની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા તંત્રને આખરી ચેતવણી

વાહકજન્ય રોગચાળો વકરે તે પહેલાં જ તંત્રને મિશન મોડ પર એલર્ટ રહી સર્વેલન્સ સઘન બનાવવા કડક તાકીદ કરતા કલેકટર

ગાંધીનગર, તા. ૨૩

જિલ્લાના શહેરી વિસ્તારોની પાણી પુરવઠા તેમજ ગટર લાઈનોના મેપીંગની કાર્યવાહી તાકીદે પૂરી કરવા માટે જિલ્લા કલેકટર ડૉ. પી. સ્વરૂપે આજે કડક તાકીદ કરી છે.

જિલ્લામાં સંચારી રોગો માટેની સમીક્ષા બેઠક દરમિયાન તેમણે આ મુદ્દો છેડી જણાવ્યું હતું કે આ અંગેની વારંવારની સુચનાઓ બાદ પણ હજુ આ કામગીરી પૂર્ણ થઈ નથી તે દુઃખદ છે તેમણે અત્યંત ગંભીરતાથી આ કામગીરી આગામી એક પખવાડિયામાં પૂર્ણ કરાય તે જોવા તાકીદ કરી હતી.

તેમણે આરોગ્ય તંત્રને પણ પાણીના કલોરીનેશન અંગેનો રિપોર્ટ દર સપ્તાહે નિયમિત રીતે ક્રોસ વેરીફીકેશન દ્વારા તૈયાર કરી તેનું અસરકારક રીતે મોનીટરીંગ થાય તે જોવા પણ જણાવ્યું હતું. વાહનકજન્ય રોગચાળા માટે સઘન સર્વેલન્સ અને એન્ટી લારવેલની કામગીરીમાં કોઈ કચાશ ના રહે તે જોવા પણ તાકીદ કરી હતી.

જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે વરસાદી પાણીનો નિકાલ ઝડપથી થાય તે માટે સ્ટ્રોમ વોટર પાઈપલાઈનની સફાઈ તેમજ ગ્રામીણ વિસ્તારના કાંસની સફાઈ માટે તંત્ર પુરતું ધ્યાન આપે તે જોવા જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે પાણીની લાઈનો અને ગટરલાઈનોનું મેપીંગ ઉપલબ્ધ હશે તો પાણીજન્ય રોગચાળાને વકરતો નાથી શકાશે. આ મેપીંગની કામગીરીમાં હવે ચુંક સાંખી લેવાશે નહિ.

સંચારી રોગોની સમીક્ષા દરમિયાન જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે વાહક જન્ય

● અનુસંધાન પાન-૭ પર

વરસાદ ખેંચાતા વાવેતર મુરઝાવા લાગ્યા - ચિલોડા પંથકમાં ચાલુ સાલે કપાસનું ખૂબ વાવેતર કરાયું છે, પરંતુ જુન માસ તેના અંતિમ ચરણમાં પહોંચવા છતાં મેઘરાજાની મહેર ના થતાં આ વાવેતર મુરઝાવા લાગ્યું છે. મોંઘા ભાવનું બિયારણ વરસાદના અભાવે સુકાવા લાગતા જગતનો તાત ચિંતાતુર બન્યો છે. ખેતરમાં ટીંટોડી પણ જાણે વરસાદની રાહ જોતી બેઠી છે, જો કે આ વર્ષે ટીંટોડીએ જમીન પર ઈંડા મુકયા હોવાથી વરસાદ ઓછો થશે તેવી ભીતિ તો સેવાઈ રહી જ છે. પણ હાલ તો એકાદ વરસાદ આવે તો વાવેતર નિષ્ફળ ના જાય તેટલું જ ખેડૂતો ઈચ્છી રહ્યા છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

કેન્દ્રીય મંત્રીઓ સાથે ગુજરાતના પડતર પ્રશ્નો અંગે ચર્ચા

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતના શિક્ષણ, અન્ન નાગરીક પુરવઠા વિભાગના મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે કેન્દ્રીય માહિતી અને સંચાર પ્રધાન પ્રકાશ જાવડેકર, પેટ્રોલીયમ પુરવઠા પ્રદાન ધર્મેન્દ્ર પ્રધાન, વિજ્ઞાન અને ટેકનોલોજીના રાજ્ય પ્રધાન ડો. જિતેન્દ્રસિંહ તેમજ ગ્રાહકોને લગતી બાબતોના પ્રધાન રામવિલાસ પાસવાનની મુલાકાત લીધી હતી. તેમની આ સૌજન્ય મુલાકાતમાં ગુજરાતના રાજ્ય પ્રધાન છત્રસિંહ મોરીએ ચુડાસમાને સહકાર પુરો પાડ્યો હતો.

(તસવીર : કશ્યપ નિમાવત)

તોફાની પવનની સીધી અસર - છેલ્લા ત્રણેક દિવસથી ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારમાં મોડીસાંજે તોફાની પવન જનજીવન પર અસરકર્તા બને છે... ક્યારેક આંધીનગર પણ બની જાય છે... તોફાની પવનના પગલે કેટલા વૃક્ષોની ડાળીઓ તૂટી પડે છે... ગાંધીનગરના જાણીતા શૈક્ષણિક સંકુલ કડી કેમ્પસની કમ્પાઉન્ડ વૉલની બહાર પવનથી પડેલા ડાળાની તસવીરમાં સદભાગ્યે કોઈને પણ અસર થઈ નહોતી...

ગરીબોને મફત પાઠ્યપુસ્તકો આપવાની યોજના અટવાઈ

વિતરણ એજન્સી બદલાઈ જવાના કારણે જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ સુધી પુસ્તકો પહોંચતા નહીં હોવાની ફરિયાદ

અમદાવાદ, તા. ૨૩

રાજ્યની સરકાર પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક સત્ર શરૂ થયે ૧૫ દિવસ કરતા વધુ સમય થઈ ચુક્યો છે. તેમ છતાં સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ગરીબ બાળકોને વિના મુલ્યે મળતા પાઠ્યપુસ્તકો હજી મળ્યા ન હોવાની વ્યાપક ફરીયાદો વાલીઓ દ્વારા થઈ રહી છે. બીજી બાજુ શિક્ષણ વિભાગની લાપરવાહીના કારણે બાળકોના શિક્ષણ ઉપર માઠી અસર પડી રહી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ મેળવતા તમામ વિદ્યાર્થીઓને વિનામુલ્યે પાઠ્યપુસ્તકો પુરા પાડવામાં આવે છે. લાભાર્થી વિદ્યાર્થીઓમાં આ પુસ્તકોનું વિતરણ કરવા માટે ખાનગી એજન્સીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે પરંતુ દર વર્ષે એજન્સીની ફેરબદલી થતાં જ તે શાળામાં પાઠ્યપુસ્તકો સમયસર પહોંચતા નથી તેવી ફરીયાદો અવારનવાર થતી રહે છે ત્યારે ચાલુ વર્ષે પ્રાથમિક શાળાઓનું શૈક્ષણિક સત્ર ૯ જૂનથી શરૂ થઈ ચુક્યું છે ત્યારે મોટભાગની શાળાઓમાં હજુ સુધી માત્ર ૩૫ ટકા પુસ્તકોનો જથ્થો જ પુરો પાડવામાં આવ્યો છે.

NEWS બિટ્સ

● આમીરખાન નરેન્દ્ર મોદીને મળ્યા

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અભિનેતા

આમીરખાન વચ્ચે સોમવારે એક મુલાકાત ગોઠવાઈ હતી. પીએમઓના સાઉથ બ્લોક દ્વારા જણાવાયું છે કે આ એક શુભેચ્છા મુલાકાત હતી. આ મુલાકાત દરમ્યાન બંનેએ વિચારોનું આદાનપ્રદાન કર્યુ હતુ.

● અમરનાથ યાત્રા ૨૮ જૂનથી

અમરનાથ યાત્રા શ્રાઈન બોર્ડે ૨૮ જૂનથી યાત્રા શરૂ

કરવાની ઘોષણા કરી દીધી છે. ૨૮ જૂનથી યાત્રા માત્ર બાલતાલના રસ્તેથી શરૂ થશે. વાયા પહેલગામ યાત્રાનો નિર્ણય ૨૩ મી જૂન પછી જ લેવાશે.

તાજેતરમાં થયેલી બરફ વર્ષાના કારણે આ સ્થિતિ છે. હેલીકોપ્ટર સેવાની ૨૮ મી જૂનથી શરૂઆત થઈ શકશે.

● સાજીદખાનની હમશકલે ૪૦ કરોડની કમાણી કરી

સાજીદખાનની હજુ ગયા શુકવારે જ રજુ થયેલી ફિલ્મ હમશકલે માત્ર ત્રણ જ દિવસમાં

૪૦ કરોડની કમાણી કરી જોરદાર ઓપનીંગ મેળવ્યું છે. સૈફઅલી ખાન, રીતેશ દેશમુખ અને રામકપુરને ચમકાવતી આ ફિલ્મે જય હો, ગુંડે અને હોલી ડે જેવી ફિલ્મો બાદ સૌથી મોટુ ઓપનીંગ મેળવ્યુ છે.

Videography & Photography
લગ્ન પ્રસંગ
રીસેપ્શન
સંગીત સંધ્યા
બર્થ-ડે પાર્ટી
એડ-ફિલ્મ
ડોક્યુમેન્ટરી ફિલ્મ
Web Designing
Live Video Coverage
vivify
C-202, 2nd Floor, Swagat Rain Forest-III, KH-Road, Hadmatiya, Gandhinagar.
મો. ૯૮૨૪૮ ૨૮૧૬૯

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

GPSC (1/2) Dy.SP / DC / મામલતદાર / SO / TDO / DR
CSAT/GS 351 કુલ જગ્યાઓ
નોકરી / ધંધો તથા અભ્યાસ કરતા ઉમેદવારો માટે સ્પેશ્યલ સમયને અનુરૂપ નવી બેચ શરૂ !
રવિવાર માટેની સ્પેશ્યલ બેચ
બેચ શરૂ તા. : 06.07.14
સમય : સવારના 8.45 થી 3
ભણવાના દિવસ : રવિવાર
શનિ / રવિની ખાસ બેચ
બેચ શરૂ તા. : 12.07.14
સમય : સાંજના 6.30 થી 10.30
ભણવાના દિવસ : શનિ / રવિ
સોમ થી શુક (રાત્રિ ની બેચ)
બેચ શરૂ થવાની તા. : 09.07.2014
બેચનો સમય : રાત્રિના 8.45 થી 10.45
સોમ થી શુક (સાંજની બેચ)
બેચ શરૂ થવાની તા. : 02.07.2014
બેચનો સમય : સાંજના 6.30 થી 8.30
સોમવાર થી શુક્રવાર
(1) બેચ શરૂ થવાની તા. : 04.07.2014 સમય : સવારના 10.30 થી 12.30
(2) બેચ શરૂ થવાની તા. : 26.06.2014 બેચનો સમય : સાંજના 4.15 થી 6.15
સંપૂર્ણ અધ્યતન સાહિત્ય FREE
ફી ₹ 28,000/- (M) ₹ 24,000/- (F)
પરીક્ષાના સમય સુધીનો અભ્યાસક્રમ (Max.6 months)
માસ્ટર કોર્ષ-2014 તલાટી / ક્લાર્ક (વર્ગ-૩ માટે જ)
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)
સોમ થી શુક ચાર (4) માસનો કોર્ષ
21.6.14 બપોરના 12-45 થી 2-15 | 27.6.14 બપોરના 2-30 થી 4-00
ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઇ-2 થી ઇ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)
પ્રથમ માળ, વિશ્રામ પ્લાઝા, ગાર્ડન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) મહેસાણા 9537614607
26.01.1994 થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા
GPSC (વર્ગ 1/2) : વર્ષ 2006-07, 2000માં TCCIનું સરેરાશ પરીણામ (P/M/I) 98.37%

રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન
(માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારનું સ્વાયત્ત સંગઠન)
પ્રાદેશિક કેન્દ્ર ગાંધીનગર
ઇમો માળ, એમ.એમ. બીલ્ડીંગ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧
ફોન: ૦૭૯-૨૩૨૨૦૭૧૦, મોબાઈલ: ૮૩૩૦૨૩૫૫૫, ફેક્સ: ૦૭૯-૨૩૨૨૦૭૧૧
વેબસાઈટ: www.nioscgnr.org, ઈ-મેલ: rcgandhinagar@nios.ac.in
(સીબીએસઈ/સીઆઈએસસીઈ સમકક્ષ ભારત સરકારનું ફરીજ બોર્ડ)
માન્યતા પ્રાપ્ત બોર્ડના અસફળ વિદ્યાર્થીઓ માટે NIOSમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અભ્યાસક્રમો માટે સીધાપ્રવેશની સુવિધા
તમારું અમૂલ્ય 1 વર્ષ બચાવો
પ્રવેશ ચાલુ છે
૨૦-૫-૨૦૧૪ થી ૨૦-૭-૨૦૧૪ સુધી
પ્રથમ પરીક્ષા ઓકટોબર ૨૦૧૪માં
પ્રવેશની જરૂરીયાતો: • જે વિદ્યાર્થીએ GSHEB/CBSE/CISCE કે અન્ય માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ની પરીક્ષામાં અસફળ થયેલા હોય કે કોઈ કારણસર પરીક્ષા આપી શક્યા ન હોય તેવા વિદ્યાર્થીઓ પ્રવેશ લઈ શકશે. વિદ્યાર્થીએ જે વિષયે બોર્ડની પરીક્ષામાં નીષ્ફળ હોય તેજ પ્રવેશ લઈ શકશે. • એડમીશન ફોર્મની સાથે ઓરીજીનલ માર્કશીટ અને પ્રવેશપત્ર જરૂરી છે.
આ ઉપરાંત એપ્રિલ-૨૦૧૫ની પરીક્ષાઓ માટે પ્રવેશ ચાલુ છે જેમાં તમે તમારી પસંદગી પ્રમાણેના વિષયો લઈ શકશો.
સુવિધાઓ: ટ્રાન્સફર ઓફ ક્રેડીટ (TOC) : જે બે વિષયમાં નપાસ હો તેની ક્રેડીટ લઈ શકો છો. એટલે કે આ બે વિષયની ફરી પરીક્ષા આપવાની જરૂર નથી.
NIOSની જાહેર પરીક્ષાઓ: અત્યારે પ્રવેશ લીધેલા વિદ્યાર્થીઓ ઓકટોબર/નવેમ્બર ૨૦૧૪માં પરીક્ષા આપી શકશે. ઓકટોબર/નવેમ્બર ૨૦૧૪ની જાહેર પરીક્ષા પછી વિદ્યાર્થી ઈચ્છે ત્યારે On Demand Exam આપી શકશે.
NIOSની વિશેષતાઓ: પ્રવેશ પાંચ વર્ષ સુધી માન્ય • ગુજરાતી, હિન્દી, ઉર્દુ, અંગ્રેજી અથવા બીજી સ્વીકૃત ભારતીય ભાષાના માધ્યમમાં પરીક્ષા આપી શકાશે • વર્ષમાં બે વાર પરીક્ષાઓ • પ્રમાણપત્રની માન્યતા સીબીએસઈ, ગુજરાત બોર્ડ અને દેશના કોઈપણ પરીક્ષા બોર્ડને સમકક્ષ માન્ય
વધુ માહિતી તથા પ્રવેશ માટે આજે જ સંપર્ક કરો
વિગતો NIOSની વેબસાઈટ www.nios.ac.in પરથી 24x7 પ્રવેશ મેળવી શકે છે. પ્રવેશ પહેલા માહિતી પુસ્તિકા જરૂરથી વાંચો. (મૂલ્ય રૂ.૫૦/-)
અનઅધિકૃત સંસ્થા તથા એજન્ટ દ્વારા પ્રવેશ મેળવશો નહિં
વિશ્વની સૌથી મોટી મુક્ત વિદ્યાલયી શિક્ષણ પ્રણાલી !!

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી **રમણલાલ મણિલાલ શાહ**નું દુઃખદ અવસાન તા. ૨૩-૬-૨૦૧૪ને સોમવારના રોજ થયેલ છે.

સદ્‌ગતનું બેસણું તા. ૨૪-૬-૨૦૧૪ને મંગળવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : જીએમડીસી હોલ નં.-૨, ગેટ નં. ૩, યુનિવર્સીટી ગ્રાઉન્ડ, હેલ્મેટ ચાર રસ્તા પાસે, અમદાવાદ.

ચિંતન જીતેન્દ્રભાઈ શાહ
તેજસ અજીતભાઈ શાહ
હેમલ જીતેન્દ્રભાઈ શાહ
કલ્પન અજીતભાઈ શાહ

(સ્વ.) જીતેન્દ્ર રમણલાલ શાહ
અજીત રમણલાલ શાહ

કુર્મ : અજીત એડ્સ • હેત ગ્રાફિક્સ • હેત બજાર

જાહેર સુચના

ગાંધીનગર વિભાગીય ગ્રાહક હિત સુરક્ષા સમિતિના પ્રમુખશ્રી ચતુરજી ઠાકોરનું અકાળે અવસાન થવાથી ચાલુ વર્ષના સર્વે હોદ્દેદારોને જણાવવાનું કે, તા. ૨૬/૬/૨૦૧૪ના રોજ સાંજે સમય : ૪ થી ૫ કલાકે મીટીંગનું આયોજન કરેલ છે. તો સર્વે હોદ્દેદારોને સંસ્થાના ઓળખપત્ર (આઈકાર્ડ) સાથે હાજર રહેવા સુચના છે.

મીટીંગ સ્થળ : સમિતિનું કાર્યાલય, પ્લોટ નં. ૩૧૧, ગાયત્રીનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર

રાવત ઢંસાબેન ડી.
(માનદ સલાહકાર) ૯૭૨૩૮ ૯૪૦૧૨